


અંક-૨
ખંડ-૧૧
નવેમ્બર ૨૦૧૬


કૃષિ ઉત્પાદન અને

# બજાર દર્શન

કૃષિ ઉદય...


અધ્યક્ષ:
પ્રો. શિરીષ આર. કુલકર્ણી

માનનીય સલાહકાર :
ડૉ. મહેશ પાઠક

મુખ્ય સંપાદક :
ડૉ. એસ. એસ. કલમકર

સહસંપાદક :
ડૉ. એચ. પી. ત્રિવેદી
ડૉ. ડી. જે. ચૌહાણ

સંપાદક :
ડૉ. હેમંત શર્મા

વિષય સંપાદક :
ડૉ. એસ. આર. ભૈયા
ડૉ. એમ. એન. સ્વેન
શ્રી એમ. મકવાણા

પ્રસાર પ્રભારી :
શ્રી દીપ કે. પટેલ

પ્રકાશક :
એગ્રો ઈકોનોમિક રિસર્ચ સેન્ટર,
સરદાર પટેલ યુનિવર્સિટી,
વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૦
આણંદ, ગુજરાત
E-mail: director.aerc@gmail.com
website: www.aercspu.ac.in


## સરકારે રવી પાકના લઘુત્તમ ટેકાના ભાવમાં વધારો કર્યો




માનનીય વડાપ્રધાન શ્રીનરેન્દ્ર મોદી દ્વારા અધ્યક્ષપદે આર્થિક બાબતો અંગેની કારોબારી (કેબિનેટ) સમિતિએ (સીસીઇ), ૨૦૧૬-૧૭ ના બધા રવિ પાક (શિયાળુ- વાવેતર) માટે લઘુત્તમ ટેકાના ભાવોની (MSPs) મંજૂરી આપી દીધી છે.

સરકારે ઘઉંના લઘુતમ ટેકાના ભાવમાં (એમએસપી) રૂ.૧૦૦ જેટલો વધારો કર્યો છે અને તે ૨૦૧૬-૧૭ ના રવી પાક માટે રૂ.૧૬૨૫ પ્રતિ ક્વિન્ટલ રહેશે કે જે રૂ.૧૫૨૫ પ્રતિ ક્વિન્ટલ ગયા વર્ષે જાહેર કર્યો હતો.

ઘઉંની એમએસપીમાં ૬.૬ ટકા અને જવમાં ૮.૨ ટકા બોનસ સહિત ભાવોમાં વધારો કરવામાં આવ્યો છે, જ્યારે ચણામાં ૧૪.૩ ટકા, મસુરમાં ૧૬.૨ ટકા,

તેલીબિયાં/સરસવમાં ૧૦.૪ ટકા, સુરજમુખીમાં ૧૨.૧ ટકા સુધીનો વધારો આ વર્ષે કરવામાં આવ્યો છે. વધુમાં, કઠોળ અને તેલીબિયાં પાકોની ખેતીને પ્રોત્સાહન મળે તે માટે એમએસપી ઉપર બોનસ જાહેર કરવામાં આવ્યું છે.

રવી સિઝન માટે સ્થાનિક ઉત્પાદનમાં વધારો કરવા માટે તેમજ આયાતો પર દેશની નિર્ભરતા ઘટાડવા અને ભાવોને અંકુશ કરવા માટે ચણાની બોનસ સહિતની એમએસપી રૂ.૪૦૦૦ પ્રતિ ક્વિન્ટલ કરાઈ છે કે જે અગાઉના વર્ષે રૂ.૩૫૦૦ પ્રતિ ક્વિન્ટલ હતી, મસુરના ટેકાના ભાવ રૂ.૩૪૦૦ પ્રતિ ક્વિન્ટલથી વધારીને રૂ. ૩૯૫૦ પ્રતિ ક્વિન્ટલ કરવામાં આવ્યા છે.

રવિ પાકનું વેચાણ એપ્રિલ ૨૦૧૭-૧૮ થી શરૂ કરવામાં આવશે.

| પાક | ૨૦૧૫-૧૬ | | | ૨૦૧૬-૧૭ | | |
|---|---|---|---|---|---|---|
| | MSP | બોનસ | કુલ | MSP | વધારો ૧૫-૧૬ | |
| | રૂ./ક્વિ. | રૂ./ક્વિ. | રૂ./ક્વિ. | રૂ./ક્વિ. | રૂ./ક્વિ. | ટકા |
| ઘઉં | ૧૫૨૫ | - | ૧૫૨૫ | ૧૬૨૫ | ૧૦૦ | ૬.૫૫ |
| જવ | ૧૨૨૫ | - | ૧૨૨૫ | ૧૩૨૫ | ૧૦૦ | ૮.૧૬ |
| ચણા | ૩૪૨૫ | ૭૫ | ૩૫૦૦ | ૪૦૦૦ | ૫૦૦ | ૧૪.૨૮ |
| મસુર | ૩૩૨૫ | ૭૫ | ૩૪૦૦ | ૩૯૫૦ | ૫૫૦ | ૧૬.૧૭ |
| સરસવ/રાયડો | ૩૩૫૦ | - | ૩૩૫૦ | ૩૭૦૦ | ૩૫૦ | ૧૦.૪૪ |
| સૂરજમુખી | ૩૩૦૦ | - | ૩૩૦૦ | ૩૭૦૦ | ૪૦૦ | ૧૨.૧૨ |

## ૨૦૧૬-૧૭માં સોયાબીનના ઉત્પાદનમાં ૫૭% વધારો થવાની ધારણા અને સોપા (SOPA) દ્વારા નિકાસમાં પાંચ ગણો વધારો કરવાની યોજના



ભારતીય સોયાબીન પ્રોસેસર્સ એસોસિયેશન (સોપા) દ્વારા પ્રથમ પાક અંદાજ મુજબ અગાઉના વર્ષની સરખામણીએ આ વર્ષે સોયાબીનના ઉત્પાદનમાં ૫૭% વધારો થવાનો અંદાજ મૂકાયો છે. આ પાક હેઠળ ૧૦૯.૭૧ લાખ હેક્ટર વાવેતર વિસ્તાર છે. સરકારી આંકડા મુજબ આ પાક હેઠળનો વાવેતર વિસ્તાર ૫ લાખ હેક્ટર કરતા વધુ છે, જેના આધારે સોપા કહે છે કે આ વર્ષે કુલ ઉત્પાદન ૧૦૮.૭૮ લાખ ટન રહેશે, કે જે ૨૦૧૫-૧૬ માં ૬૯.૨૮ લાખ ટન થયું હતું. વેપારીઓની અપેક્ષા છે કે રાજ્યવાર સોયાબીનનું ઉત્પાદનઃ મધ્યપ્રદેશમાં ૫૫.૮૯ લાખ મેટ્રિક ટન (MT), મહારાષ્ટ્રમાં ૩૬.૦૬ લાખ ટન, રાજસ્થાનમાં ૯.૮ લાખ ટન, તેલંગણા અને આંધ્ર પ્રદેશમાં ૨.૧૪ લાખ ટન, કર્ણાટક ૨.૨૧ લાખ ટન અને છત્તીસગઢમા ૧.૧૭ લાખ ટન રહેશે.

દેશ હવે સોયાખોળનું ગુમાવેલ આંતરરાષ્ટ્રીય બજાર પાછું મેળવવા માટેની યોજના કરી રહ્યું છે. સોપાનુ એક પ્રતિનિધિમંડળ, કેન્દ્ર સરકારની મદદથી સાઉથ અમેરિકાથી સ્પર્ધાની અપેક્ષાએ ભારતના સોયાબીનનું બજાર વિકસાવવા એપ્રિલથી ચાર દેશોનો પ્રવાસ કરવામાં આવ્યો હતો. સોપા આગામી છ મહિનામાં બેથી વધુ મિલિયન ટન સોયાખોળની નિકાસ કરવાનો અંદાજ ધરાવે છે તેમજ તેના કાયમી બજારો ઉપરાંત સોપા એશિયા અને પૂર્વ યુરોપના દેશોમાં સોયાખોળની નિકાસ કરવાની યોજના બનાવી છે.

સોલવન્ટ એક્સ્ટ્રેક્ટર્સ એસોસિયેશનના અંદાજ મુજબ ખોળની નિકાસ એપ્રિલ થી સપ્ટેમ્બર,૨૦૧૬ ગાળામાં ૪.૨૧ લાખ ટન હતી કે જે ગત વર્ષે આ જ સમયગાળા દરમિયાન ૭.૪૯ લાખ ટન સાથે ૪૪% જેટલી ઓછી જોવા મળી. આ થયેલ ઘટાડો તેલીબિયાં ખોળની અપ્રાપ્યતા અને આંતરરાષ્ટ્રીય બજારમાં કિંમત ભેદભાવને કારણે જોવા મળ્યો હતો. ભારતની સૌથી વધુ સોયાખોળની નિકાસ ૪.૭ મિલિયન ટન ૨૦૧૨-૧૩માં થઈ હતી તે ઘટીને ફક્ત ૪ લાખ ટન વર્ષ ૨૦૧૫-૧૬માં થઈ.

## સરકારની ૨જી ઓક્ટોબર,૨૦૧૬ સુધી ૩૭૪૦.૪૭ ટન કઠોળની ખરીદી



કેન્દ્ર સરકારે બફર સ્ટોક કરવા માટે વર્તમાન KMS દરમિયાન ૦.૫૦ લાખ મેટ્રિક ટન ખરીફ કઠોળ પ્રાપ્તિનું લક્ષ્ય મૂક્યું છે. સરકારે FCI અને નાફેડને એમએસપીની ખાતરી કરવા ખેડૂતો પાસેથી ખરીફ કઠોળ ખરીદીનો આદેશ આપ્યો છે. સરકારી એજન્સીઓ (૨ ઓક્ટોબર, ૨૦૧૬થી) દ્વારા ૩૭૪૦.૪૭ મેટ્રિક ટન કઠોળની ખરીદી ચાલુ ખરીફ મોસમ (KMS) દરમિયાન કરવામાં આવી. કઠોળ ઉત્પાદન કરતાં રાજ્યોમાં ૪૧૭ કઠોળ ખરીદી કેન્દ્રો શરુ કર્યા જેથી આ એજન્સીઓ દ્વારા મગ અને અડદની પ્રાપ્તિ વધારી શકાય. જો તુવેરના પાક માટે જરૂર પડશે તો તેના માટે વધુ પ્રાપ્તિ કેન્દ્રો ખોલવામાં આવશે. તેથી KMS ૨૦૧૬-૧૭ દરમિયાન ખરીફ કઠોળ ઉત્પાદનથી અત્યાર સુધી FCI દ્વારા ૧૦૭૫.૩૪ મેટ્રિક ટન અને નાફેડ દ્વારા ૨૬૬૫.૧૩ મેટ્રિક ટન કઠોળની ખરીદી કરવામાં આવી છે. ભારતમાં ૨૦૧૬-૧૭માં ખરીફ અનાજના ઉત્પાદનનો અંદાજ ૧૩૫.૦૩ મિલિયન ટન છે, કે જે ગયા વર્ષના અનાજના ૧૨૪.૦૧ મિલિયન ટન ઉત્પાદનના સંદર્ભમાં ૧૧.૦૨ લાખ ટન વધારે થવાનો અંદાજ છે.

## ૨૦૧૬–૧૭માં ખરીફ પાકનું વિક્રમજનક ઉત્પાદન ૧૩૫.૦૩ મિલિયન ટનનો અંદાજ

કૃષિ અને ખેડૂત કલ્યાણ (GOI) મંત્રાલયના પહેલાં અંદાજ મુજબ, ૨૦૧૬-૧૭ માં મુખ્ય ખરીફ પાકોનું ઉત્પાદન ૭.૬૫ કરોડ ટન રહેવાનો અંદાજ છે કે જે છેલ્લાં પાંચ વર્ષના (૨૦૧૦-૧૧ થી ૨૦૧૪-૧૫) સરેરાશ ઉત્પાદન ૧૨૭.૩૮ મિલિયન ટન કરતાં વધારે છે. વર્ષ ૨૦૧૬-૧૭ દરમિયાન ચોખાનું અંદાજિત ઉત્પાદન ૯૩.૮૮ લાખ ટન જેટલું રહેશે જે એક રેકોર્ડ છે. મકાઈના (૧૯.૩૦ મિલિયન ટન) કિસ્સામાં પણ ઉત્પાદનની નવી ઊંચાઈને સ્પર્શવાનો અંદાજ છે, કઠોળનું ઉત્પાદન ૮.૭૦ મિલિયન ટન, તુવેરનું ૪.૨૯ લાખ ટન અને અડદનું ૨.૦૧ મિલિયન ટન ઉત્પાદન થવાનો અંદાજ છે.


(Production in million tonnes)

| FOODGRAIN | 2015-16 | 2016-17 | % change |
|---|---|---|---|
| Pulses | 5.54 | 8.7 | 57 |
| Rice | 91.31 | 93.88 | 2.8 |
| Coarse grains | 27.17 | 32.45 | 19.4 |
| Total | **124.02** | **135.03** | **8.9** |
| Oilseeds | 16.59 | 23.36 | 40.8 |
| Cotton | 30.14 | 32.1 | 6.5 |
| Sugar cane | 352.16 | 305.25 | -13.3 |

Note: Cotton production in million bales of 170kg each

Source: First advance estimates of kharif crop production, agriculture ministry

## E-NAM નો પ્રથમ તબક્કો પૂર્ણઃ ૧૦ રાજ્યોમાં ૨૫૦ મંડીઓ સંકલિત




કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલયે (GOI) E-NAM ના પ્રથમ તબક્કાને સફળતાપૂર્વક પૂરું કર્યું છે અને નવી દિલ્હીથી E-NAM મોબાઈલ એપ્લિકેશન શરૂ કરી છે. E-NAM એક પ્લેટફોર્મ તરીકે ૧૦ રાજ્યોના ૨૫૦ બજારોને સાંકળી લીધેલ છે. રાજ્ય પ્રમાણે સંખ્યા જોઈએ તો આંધ્રપ્રદેશ (૧૨), છત્તીસગઢ (૦૫), ગુજરાત (૪૦), હરિયાણા (૩૬), હિમાચલપ્રદેશ (૦૭), ઝારખંડ (૦૮), મધ્યપ્રદેશ (૨૦), રાજસ્થાન (૧૧), તેલંગાણા (૪૪), અને ઉત્તર પ્રદેશ (૬૭) છે. કૃષિ મંત્રીશ્રીના વિગતવાર પ્રોજેક્ટ રિપોર્ટ (DPRs) ના નિવેદન મુજબ E-NAM સાથે જોડાવા ૧૪ રાજ્યોમાં ૩૯૯ મંડીઓ/બજારોમાંથી સંકલિત થવા માટેની અરજીઓ આવેલી છે અને બધાને મંજૂરી આપવામાં આવી છે.

કેન્દ્રીય કૃષિ મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે સંકળાયેલા બધા બજારો/મંડીઓની સક્રિય ભાગીદારી અને તેમાંય ખાસ કરીને મંડીઓ અને માર્કેટિંગ બોર્ડના અધિકારીઓની સક્રિયતા NAM કાર્યક્રમને સફળ બનાવી છે અને તે નિર્ધારિત કાર્યક્રમ મુજબ આગળ વધી રહ્યું છે. તેમને ખાતરી છે કે E-NAM થી ખેડૂતની આવકમાં નોંધપાત્ર વધારો થશે. માનનીય કૃષિ પ્રધાને જણાવ્યું હતું કે, અત્યાર સુધી E-NAM પ્લેટફોર્મ ૧,૫૩,૯૯૨.૭ ટન કૃષિ ઉત્પાદનના, ૪૨૧ કરોડ જેટલાં નાણાંકીય વ્યવહાર કરવામાં આવ્યો છે તેમજ ૧,૬૦,૨૨૯ ખેડૂતો, ૪૬,૬૮૮ વેપારીઓ અને ૨૫,૯૭૦ કમિશન એજન્ટોની નોંધણી કરવામાં આવી છે.

કેન્દ્રીય પ્રધાનશ્રીએ જણાવ્યું હતું કે અનાજ, કઠોળ, તેલીબિયાં, મસાલા, ફળો અને શાકભાજી સહિતના ૬૯ કૃષિ અને બાગાયતી વસ્તુઓ માટે E-NAM પ્લેટફોર્મ પર ટ્રેડિંગ માટે જણાવવામાં આવ્યું છે અને રાજ્યોને વૈજ્ઞાનિક અને વ્યાવસાયિક રીતે ખેડૂતોના ઉત્પાદનની ગુણવત્તાની આકારણી અને તેની ગુણવત્તાના પરિમાણોની ખાતરી કરવા માટે, ગુણવત્તાની જાણકારી વગેરેની સુવિધાઓનું સુનિયોજિત આયોજન કરવાનું કહેવામાં આવ્યું છે.

DOI : November- 25, 2016

બુક પોસ્ટ

પ્રતિ શ્રી

મોકલનારઃ
એગ્રો ઈકોનોમિક રિસર્ચ સેન્ટર
ગુજરાત અને રાજસ્થાન રાજ્યો માટે
(કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલય, ભારત સરકાર)
એચ. એમ. પટેલ ઈન્સ્ટીટ્યુટ ઓફ રૂરલ ડેવલપમેન્ટ,
નંદાલય હવેલીની સામે, પોસ્ટ બોક્સ નંબર ૨૪,
સરદાર પટેલ યુનિવર્સિટી,
વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૦, આણંદ, ગુજરાત
ફોન : +૯૧-૨૬૯૨-૨૩૦૧૦૬, ૨૩૦૭૯૯
ફેક્સ : +૯૧-૨૬૯૨-૨૩૩૧૦૬

Acknowledged the information used/taken from the public domain

Lajja : 02692-233864